જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૩/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૩૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૧૪	૩	૧૧૩૧૭	૧૭૪૩૪	૩	૧૭૪૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૩	૦	૪૭૦૩	૬૨૨૬	૦	૬૨૨૬
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૬૪૦	૧૩૩	૨૯૭૭૩	૩૦૯૯૩	૧૪૨	૩૧૧૩૫
કુલ		૪૫૭૨૭	૧૩૬	૪૫૮૬૩	૫૪૯૩૧	૧૪૫	૫૫૦૭૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૩	૮,૫૫,૭૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૨૮	૬,૨૮,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૩૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૨૮૫ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૬૨૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૩૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૩૫/૨૦૨૧**

કાલુપુરઃ જીતુભાઇ કાળુભાઇ ચૌહાણ (ઉ.વ.૪૫) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર ચાર રસ્તા બાપુનગર) એ તા.૨૧/૦૩/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૫/૨૦૧૬ થી તા.૦૭/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર વેલકમ હોટલ ખાતેથી આરોપી (૧) અમિતકુમાર વિષ્ણુભાઇ પટેલ (રહે. મોતીપુરા ગામ તા-વિજાપુર જિલ્લો-મહેસાણા) અને (૨) આશાબહેન કીર્તીકુમાર પટેલ (રહે. ગામ પીલવાઇ તા-વિજાપુર જિલ્લો-મહેસાણા) એ ભેગા મળી જીતુભાઇ ચૌહાણ તથા સાહેદને "જમીન લેવા માટે રૂપિયાની જરૂર છે" તેમ કહી વિશ્વાસમાં લઇ જીતુભાઇ ચૌહાણ તથા સાહેદ પાસેથી રોકડ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- તથા સોનુ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ડીસીપી.સ્કોર્ડ ઝોન-૩ મ.સ.ઈ.શ્રી રતીલાલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૩૬/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ કૈલાસભાઈ નેમીચંદ વણઝારા (ઉ.વ.૩૬) (રહે. લક્ષ્મીનગર ફલેટ સત્યમનગર શાકમાર્કેટ પાસે નાગરવેલ રોડ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૧ કલાક ૯/૧૫ વાગ્યા પહેલા ઈવેન્ટ સેન્ટર પાછળ સરદારબ્રિજ પાસે રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૧૦ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

મેઘાણીનગરઃ ખુશ્બુબહેન ડો/ઓ શ્રીકીશન તોમર (ઉ.વ.૧૬) (રહે.ગુરૂજીની લાઇન કુમ્ભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

કાગડાપીઠઃ દિનાબહેન વા/ઓ શીરીષચંદ્ર ડાભી (ઉ.વ.૪૦) (રહે. બળદેવનગર લક્ષ્મીપુરાની ચાલી મજુરગામ ચાર રસ્તા ગીતામંદિર રોડ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

નારોલઃ મુકેશભાઇ નારણભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે.સમૃધ્ધી એપાર્ટમેન્ટ આકૃતી ટાઉનશીપ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૧ કલાક ૫/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી